**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૮ ટકા

# નવરાત્રિની તૈયારીઓમાં ખેલૈયાઓ વ્યસ્ત





ગાંધીનગર, તા.૧૧

નવરાત્રિના તહેવારમાં ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ ગરબા ગૃપ દ્વારા ગરબા પ્રેકટીસની સાથે સાથે ન્યુ ટ્રેન્ડના ટ્રેડિશનલ ડ્રેસ વિશે ચર્ચા થઈ રહી છે. સાથે ખેલૈયાઓ ટ્રેડીશનલ ડ્રેસના કલર કોમ્બીનેશન, ઓર્નામેન્ટસ, મેક અપ દરેકની વિશેષ કાળજી લેતા હોય છે. જેથી હાલમાં ખેલૈયાઓ ગરબા સ્ટેપ્સથી લઈ ડ્રેસની સાથે દરેક ચીજવસ્તુઓમાં વ્યસ્ત જણાઈ રહ્યા છે.

નવરાત્રીનો તહેવાર જે નાનાથી મોટેરા દરેકને પ્રિય છે. ગરબા રમવાનો ઉત્સાહ દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરીજનોમાં જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓ વિવિધ ગરબા સાથે નવા સ્ટેપ્સ લઈ ગરબે




ઘૂમવા તત્પર છે. શહેરમાં લગભગ ૩૦ થી ૪૦ ગરબા કલાસીસ ચાલી રહ્યા છે જયાં ખેલૈયાઓ દરરોજ કલાકથી વધુ સમય પ્રેકટીસ કરીને ગરબે ઘૂમી રહ્યા છે. ગરબે ઘૂમતા ખેલૈયાઓ ટ્રેડીશનલ ચણિયાચોળી અને કેડીયા સાથે પહેરાતા ઓર્નામેન્ટસ, મેક અપ જેવી દરેક બાબતોને વિશેષ ધ્યાનમાં લેતા હોય છે.

શહેરમાં વિવિધ જગ્યાએ છોકરીઓ માટે પહેરાતી ટ્રેડીશનલ ચણિયાચોળી અને હાલમાં ન્યુ ટ્રેન્ડિંગ કેડિયા ડ્રેસ વેચાણમાં આવી ગયા છે. સાથે સાથે છોકરાઓ માટે વિશિષ્ટ કેડીયું તથા ખાદી, કોટન, ચીકન જેવા મટીરીયલમાં ઝભ્ભા શહેરના બજારમાં ઉપલબ્ધ છે. આ સાથે હેન્ડમેડ ઓર્નામેન્ટસ સાથે ઓકસોડાઈઝના ઘરેણા પણ વેચાઈ રહ્યા છે. આમ શહેરીજનો ગરબે ઘૂમવા માટે હાલથી જ તૈયાર હોય તેમ જણાઈ રહ્યું છે.







## લારીઓમાં 'સસ્તી' હેલ્મેટ વેચાવા આવી ગઈ...!!

રાજય સરકારે તો જાહેર કરી દીધું કે સોમવારથી નવા મોટર વાહન અધિનિયમનો અમલ શરૂ થઈ જશે અને હવે હેલ્મેટ ના પહેરનાર વાહનચાલકોને રૂ. ૧૦૦ નહી પરંતુ પાંચ ગણો એટલે કે રૂ. ૫૦૦નો દંડ ફટકારવામાં આવશે. દંડના મારથી બચવા ટુ વ્હિલર ચાલકોએ તાત્કાલિક હેલ્મેટ ખરીદવા દોટ મુકવી પડી છે અને સરકારી નિયમ મુજબ 'આઈએસઆઈ' માર્કાની હેલ્મેટના ભાવ રાતોરાત વધી જતા મુશ્કેલીમાં મુકાયેલા મધ્યમવર્ગીય વાહનચાલકો લારીઓમાં વેચાવા આવી પહોંચેલી ઉતરતી કક્ષાની હેલ્મેટ ખરીદવાનો વિકલ્પ અપનાવી રહ્યા છે. પરંતુ શું આવી ઉતરતી કક્ષાની હેલ્મેટ વેચનારાઓ સામે સરકાર કોઈ પગલાં ભરશે કે કેમ તે તો રામ જ જાણે...!!

# શનિવારે સાયન્સ સિટી ખાતે 'નેશનલ એન્જિનીયર ડે' ઉજવાશે

## ભારતના મહાન એન્જિનીયર 'સર એમ.વી.'ના જન્મદિને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ભારતભરમાં દર વર્ષે ૧૫મી સપ્ટેમ્બરે 'સર એમ.વી.'ના નામથી જાણીતા મહાન એન્જિનીયર મોક્ષગુંડમ વિશ્વશ્વરૈયાના જન્મદિન નિમિત્તે 'નેશનલ એન્જિનીયર્સ ડે' ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ આગામી રવિવારે આવે છે જેને અનુલક્ષીને અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી ખાતે તા. ૧૪મી સપ્ટેમ્બરે શનિવારે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

સાયન્સ સિટી ખાતે આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં સિવીલ બાંધકામ પર પરિસંવાદ, ચંદ્રયાન-૨નું નિદર્શન, વિજ્ઞાન આધારિત ફીલ્મના સ્કીનીંગ ઉપરાંત સાયન્સ સિટીની માર્ગદર્શક સાથેની ટૂરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં એન્જિનીયર બનવા માંગતા શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ ૧૧ વાગ્યાથી પ્રારંભ થનાર આ ઉજવણીમાં ભાગ લઈ શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે મોક્ષગુડમ વિશ્વશ્વરૈયા એટલે કે 'સર એમ.વી.'ના ઈજનેરી તથા આર્થિક આયોજનમાં અપાયેલા યોગદાન બદલ આભાર વ્યકત કરવા 'નેશનલ ઈજનેર દિવસ' ઉજવાય છે. તેમનો જન્મ સને ૧૮૬૧માં ૧૫મી સપ્ટેમ્બરે થયો હતો અને તેઓએ વિશ્વેસ્વરાય યુનિવર્સિટી ઓફ મદ્રાસથી બેચલર ઓફ સાયન્સની અને પૂણેમાં કોલેજ ઓફ સાયન્સ ખાતેથી સિવિલ એન્જિનીયરીંગની ડિગ્રી મેળવી હતી. ભારતરત્ન વિજેતા વિશ્વેસ્વરાયે ખડાકવાલા જળાશય પૂણે પાસે ફુડ સપ્લાયના સ્તરમાં વધારો કરવા વોટર ફલડ ગેટસથી સિંચાઈ પધ્ધતિ દાખલ કરી પેટન્ટ કરાવી હતી. ગ્વાલિયરનો ટિગ્રા ડેમ અને મૈસુરના ક્રિશ્નરાજા સાગરા ડેમ તેમની દુરંદેશીની નિશાની છે.



ભારત સરકાર દ્વારા નિર્દેશિત સુધારેલા મોટર વાહન અધિનિયમમાં રાજય સરકારે ગુજરાતના વાહનચાલક પ્રત્યે માનવીય સંવેદનાપૂર્ણ અભિગમ દર્શાવી કેટલીક રાહતો આપવા સાથે આગામી સોમવારથી તેને લાગુ પાડવાનું જાહેર કર્યુ છે, બીજી તફ શહેરમાં હજુ પણ ટ્રાફિક સેન્સનો અભાવ વાહનચાલકોમાં જોવા મળે છે જે ખાસ કરીને વાહન પાર્કિંગ બાબતે ઉડીને આંખે વળગે છે. શહેરનું મહાનગરપાલિકા તંત્ર જયાં બેસે છે તે મહાનગર સેવા સદન આગળ જ વાહનોનું આડેધડ પાર્કિંગ એટલું જોવા મળે છે કે રોડની ફુટપાથ પર પણ ચાલવાની જગ્યા વાહનચાલકો છોડતા નથી.

# મહિલાના ખભા પર પાઈપ પડતા ઈજાગ્રસ્ત મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં બાંધકામ સાઈટો પર રાખવામાં આવતી બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. બેદરકારીની પગલે વધુ એક શ્રમજીવીએ પોતાનો જીવ ખોયો છે. વાવોલ સ્થિત દેવ ઈન્ટરનેશનલ સ્કુલ સામે ફલેટની એક સ્કીમમાં કામ કરતી મહિલાના ખભા પર પાઈપ પડતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ખસેડવામાં આવી હતી. જયા સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ નિપજયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાવોલ ખાતે બાંધકામની સાઈટ પર લાડુબેન મગનભાઈ ડાંગી કામ કરતા હતા. સાઈટનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું હતું. આ સમયે સાંજના સુમારે સાઈટમાં પડેલો ભંગાર એકત્ર કરવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે રાખવામાં આવેલી બેદરકારી ને લીધે પાઈપ નીચે પડી હતી. જે લાડુબેનને ડાબા ખભા પર વાગી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મહિલાને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. બનાવને પગલે સે-૭ પોલીસેને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચીને અકસ્માતને મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે શહેરની બાંધકામ સાઈટો પર બેદરકારીને પગલે મૃત્યુ થવાના કિસ્સા પણ વધી રહ્યા છે.

# સિવિલમાં સપ્તાહમાં ડેન્ગ્યુના ૩૦ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં હાલ બિન આરોગ્યપ્રદ સિઝનને પગલે ઠેર ઠેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. શહેરમાં ખાસ કરીને વાઈરલ બિમારી અને મચ્છરજન્ય બિમારીના દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં બુધવારના રોજ ૧૮૦૦થી વધુ કેસ ઓપીડીમાં નીકાળ્યા હતા. જયારે બપોરની ઓપીડીમાં પણ આજે સામાન્ય દિવસ કરતા વધુ કેસ જોવા મળ્યા હતા. સિવિલની ઓપીડીમાં એક જ દિવસમાં બે હજાર જેટલા નવા કેસ નોંધાયા છે તો બીજી તરફ ગત અઠવાડીયામાં ડેન્ગ્યુના ૩૦ દર્દીઓ પોઝીટીવ આવ્યા છે. આ તમામ દર્દીઓને એડમીટ કરીને સારવાર આપવામાં આવી રહી છે. જયારે કેટલાક દર્દીઓને ટેસ્ટ કરાવ્યા વિના જ ડોકટરોએ કલીનીકલની તપાસીને તેને ડેન્ગ્યુની સારવાર શરુ કરી છે. મેલેરીયા, ટાઈફોઈડ, કમળા સહિતની બિમારી કરતા ડેન્ગ્યુના વધુ કેસ જોવા મળી રહ્યા છે. ગત સપ્તાહમાં મેલેરીયાના ૧૧ કેસ નોંધાયા છે. મેલેરીયા કરતા પણ વધુ ઝડપથી ડેન્ગ્યુના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે નગરજનોએ પણ સાવચેત રહેવાની જરુર છે.

# વાણિજય વિસ્તાર સેકટર-૧૧ના મેઘમલ્હારમાં શોર્ટસર્કિટથી આગ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના વાણીજય વિસ્તાર ગણાતા સેકટર-૧૧ સ્થિત મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષમાં આગ લાગવાની ઘટનાને પગલે દોડધામ મચી જવા પામી હતી. મેઘ મલ્હારના કોમ્પ્લેક્ષના પ્રથમ માળે આવેલી ડીપીમાં શોર્ટ સર્કિટથી વાયરોમાં આગ લાગી હતી. જે ત્રીજા માળ સુધી પહોંચી ગઈ હતી. જો કે ત્રીજા માળે ધુમાડા નીકળતા જોઈને ફાયર બ્રિગેડને કોલ કરવામાં આવતા તાત્કાલીક ફાયરની ટીમના જવાનો આવી પહોચ્યા હતા. ફાયરના જવાનોએ આગ વધુ પ્રસરીને દુકાન કે




ઓફિસમાં જાય તે પહેલા જ અટકાવી દીધી હતી. આગમાં કોઈને ઈજા કે બળી જવાની ઘટના બની નથી. પરંતુ આગને પગલે થોડા સમય માટે મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં નાસભાગી મચી જવા પામી હતી. જયારે બાજુમાં આવેલા અન્ય કોમ્પ્લેક્ષમાં પણ હોહા મચી ગઈ હતી. મેઘ મલ્હાર બિલ્ડીંગ પાસે ફાયર એનઓસી જ નથી. તાજેતરમાં સુરતની ઘટના બાદ સફાળા જાગેલા તંત્રએ તમામને નોટીસ આપી હતી. તે સમયે મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં પણ જવાબદારને નોટીસો આપી હતી. પરંતુ અત્યાર સુધી મેઘમલ્હાર બિલ્ડીંગના જવાબદાર વ્યકિતઓએ ફાયર એનઓસી મળળ્યું નથી. ત્યારે આગામી સમયમાં તંત્ર દ્વારા શુ કામગીરી મેઘમલ્હાર બિલ્ડીંગ સામે કરવામાં આવે છે તે જોવું રહ્યું..?

# આ તો ગોકુલપુરા છે કે ગાંધીનગરનું 'ગંદકીપુરા'...!!!

## ગોકુલપુરાની ગલીઓમાં ગંદકી અને શેરીઓમાં કાદવ-કિચડનું સામ્રાજય : માખી મચ્છરના ઉપદ્રવને કારણે ઘરે ઘરે માંદગીના ખાટલા : શાળા પાસે પણ ગંદકીના કારણે બાળકોના આરોગ્ય પર ખતરો



ગાંધીનગર, તા.૧૧

શહેરમાં મોડી મોડી શરૂ થયેલી મેઘ મહેરના કારણે સંતોષજનક પ્રમાણમાં વરસાદ નોંધાઈ ચુકયો છે જે આનંદની વાત છે. આમ પણ વરસાદ સૌ કોઈનો પ્રિય હોય છે અને એ આવે ત્યારે સૌને આનંદ થાય છે. જો કે શહેરના ક રોડ પરના ગોકુલપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી પડેલા વરસાદને પગલે નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ ચુકી છે અને આ વિસ્તારના રહીશો વિવિધ બિમારીનો ભોગ બનવા સાથે તેમને આવન જાવન કરવું પણ અઘરું પડી રહ્યું છે.

નામ જેનું ગોકુલપુરા છે તેની સ્થિતિ આજે 'ગંદકીપુરા' બની જવા પામી છે અને ઠેર ઠેર વરસાદી પાણી ઉપરાંત ઉભરાયેલી ગટરના દૂષિત પાણીનો ભરાવો થવાથી કાદવ કિચડનું સામ્રાજય છવાઈ જવા પામ્યું છે એટલું જ નહી પરંતુ માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ એટલો વધી જવા પામ્યો છે કે આ વિસ્તારમાં ઘરે ઘરે માંદગીના ખાટલા પથરાઈ જવા પામ્યા છે. ગોકુલપુરાની ગંદકીના કારણે 'ક' માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો પણ પરેશાનીનો સામનો કરી રહ્યા છે ત્યારે આ ગામમાં રહેતા રહીશો અને તેમના માસુમ બાળકોની તો કલ્પના કરવી જ અઘરી છે. ગામમાં મોટા ભાગે પશુપાલકો રહેતા હોવાથી ગાય ભેંસના પોદળાં વગેરેને કારણે ગંદકીમાં ખૂબ વધારો થવા પામ્યો છે. અને ગ્રામજનોને શેરીમાં ભરાયેલા ગંદા પાણી તેમજ કાદવ કિચડમાંથી પસાર થવું પડી રહ્યું છે. જેને કારણે અનેક ગ્રામજનોના પગમાં ચાંદીઓ પડી જવાની ફરિયાદો પણ જોવા મળી રહી છે.

ગામની શરીઓ જ નહી પરંતુ સરકારી પ્રાથમિક શાળાની આસપાસ પણ ગંદકીભર્યુ નર્કાગાર જોવા મળી રહ્યું છે. જે માસુમ બાળકોના આરોગ્ય માટે જોખમરૂપ બની રહ્યું છે. મચ્છરોનો ત્રાસ અસહ્ય બની રહ્યો છે જેના કારણે શરદી-તાવ સળેખમથી માંડીને મેલેરિયા, ડેન્ગ્યુ સહિતની ગંભીર બિમારીઓના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. આ વિસ્તારમાં ભરાયેલ ગંદા પાણીનો તાત્કાલિક નિકાલ થાય નિચાણવાળા ભાગો સહિત કાદવ કિચડ વગેરેમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે તથા આ વિસ્તારના બાળકોથી માંડીને વડિલો તમામના આરોગ્યની ચકાસણી તથા જાળવણી માટે યોગ્ય પગલાં તંત્ર દ્વારા ભરવામાં આવે તેવી માંગ રહીશોમાં ઉઠવા પામી છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

- **છીછોરે**
  ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
- **ઈટ ચેપ્ટુર ટુ**
  (હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫
- **સાહો**
  ૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫
- **મિશન મંગલ**
  ૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦
- **બાટલા હાઉસ**
  ૧૨.૨૫
- **ચિલ ઝડપ (ગુજરાતી)**
  ૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

- **છીછોરે**
  ૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦
- **ઈટ ચેપ્ટુર ટુ**
  (અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
  (હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫
- **સાહો**
  ૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫
- **મિશન મંગલ**
  ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
- **ચિલ ઝડપ (ગુજરાતી)**
  ૪.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- **છીછોરે**
  ૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦
- **ઈટ ચેપ્ટર ટુ**
  ૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
  ૨-ડી (અંગ્રેજી) ૭.૧૫
- **સાહો**
  ૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫
- **મિશન મંગલ**
  ૧૨.૦૫
- **ચિલ ઝડપ (ગુજરાતી)**
  ૬.૧૫

# જિલ્લામાં બાળ સંભાળગૃહના ૪૩ – આશ્રિત બાળકોને મા અમૃતમ કાર્ડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં આવેલ જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ ૦૨-બાળ સંભાળગૃહો (૧) સરકારી બાળ સંભાળગૃહ ફોર બોઈઝ, સેકટર-૧૩, ગાંધીનગર (૨) જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન, ખાસ બાળગૃહ, સેકટર-૧૯, ગાંધીનગરમાં આશ્રય લઈ રહેલ કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને વિના મૂલ્યે હોસ્પિટલમાં આરોગ્ય સેવા મળી રહે તે માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, ગાંધીનગર દ્વારા મામલતદાર કચેરી, ગાંધીનગર પાસેથી ૨-બાળ સંભાળગૃહોના અધિક્ષક સાથે સંકલન અને જરૂરી પરામર્શ કરીને બાળકોના જરૂરી આધાર પુરાવા એકત્રીત કરીને મહાનગર પાલિકા, ગાંધીનગરના આરોગ્ય વિભાગ સાથે સંવાદ - સંકલન કરીને સંસ્થામાં આશ્રિત કુલ-૪૩ બાળકોના "માં અમૃતમ કાર્ડ" કઢાવવામાં આવ્યા છે જે તેમની તાત્કાલિક સારવારમાં ખુબ જ ઉપયોગી નીવડશે તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. દિપકકુમાર વનમાળીદાસ આચાર્ય, ઉ.વ. ૫૯
- સ્વ. ડાભી રામબા અરજણસિંહ, ઉ.વ. ૯૬
- સ્વ. ઠાકોર અભરાજજી વજાજી, ઉ.વ. ૭૧
- સ્વ. બાલુબેન હર્ષદરાય લેઉવા, ઉ.વ. ૬૨
- સ્વ. ઠાકોર તખીબેન બેચરજી, ઉ.વ. ૫૭
- સ્વ. ભાટી જીતેન્દ્રસિંહ જોરાવરસિંહ, ઉ.વ. ૪૮
- સ્વ. પટેલ કાન્તીભાઈ બેચરદાસ, ઉ.વ. ૭૯